બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
સત્સંગ શિક્ષણ પરીક્ષા

ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

અગત્યની સૂચના
પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં (ગુણ : ૧) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

(વિભાગ-૧ 'વચનામૃત' પચીસમી આવૃત્તિ : મે ૨૦૦૮ના આધારે)

અભ્યાસક્રમના વચનામૃતઃ કારિયાણી : ૧૦, ૧૧, ૧૨ ગ. મ. : ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭,૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩

પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)

નોંધ : અર્ધો જવાબ સાચો હોય તો પણ અર્ધો ગુણ ન આપવો. જવાબ આખા વાક્યમાં લખેલો હોવો જોઈએ. એક શબ્દમાં લખેલો જવાબ માન્ય ગણાશે નહિ.

૧. સાચો ઈશક એટલે શું ? (કા.૧૦)
જ. જેને જે વાતનો ઈશક હોય ને તે વચ્ચમાં હજારો અંતરાય આવે તો પણ તે અંતરાયનો રોક્યો રોકાય નહિ.
૨. આત્મસત્તારૂપે કોણ વર્તે છે ? (ગ.મ.૫૧)
જ. સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.
૩. શ્રીજીમહારાજે લબાડ અને કૂતરા જેવો કોને કહ્યો છે ? (ગ.મ.૪૭)
જ. જે ખાધા-પીધાની, લૂગડાંની કે મનગમતા પદાર્થની લાલચે કોઈ મોટેરા સંત ભેગો રહેતો હોય તેને તો સાધુ જ ન જાણવો, તેને તો લબાડ ને કૂતરા જેવો જાણવો.
૪. ભગવાનના ભક્તને સર્વ વાતની સિદ્ધિ ક્યારે થશે ? (ગ.મ. ૨૨)
જ. ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિરૂપી ચિંતામણીને ઝાલી રાખવી પણ તેને મૂકવી જ નહીં તો સર્વ વાતની સિદ્ધિ થશે.

પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)

૧. ગ.મ.૨૮ પ્રમાણે શ્રીજીમહારાજનો મોટો ગુણ કયો છે ? (ગ.મ.૨૮)
જ. જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું,' એ જ મારે વિષે મોટો ગુણ છે.
૨. કર્મમાત્ર ભક્તિરૂપ ક્યારે થાય છે ? (ગ.મ.૧૧)
જ. વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાનાં ઈન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે. માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે.
૩. 'મનને સ્થિર અને નિર્વિષયી થવાનું કથા જેવું મોટું સાધન નથી' આ વાત શ્રીજીમહારાજ કઈ રીતે સમજાવે છે ?
જ. ગમે તેવો કામાદિકને વિષે આસક્ત હોય પણ આવી રીતની વાતને આસ્તિક થઈને શ્રદ્ધાએ સહિત સાંભળે તો તે પુરુષ વિષયનાં સુખ ભોગવવાને સમર્થ રહે નહીં. અને તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતે કરીને જો દેહને સૂકવી નાંખે તો પણ જેવું આવી ભગવદ્‌વાર્તા સાંભળનારાનું મન નિર્વિષયી થાય છે તેવું તેનું થતું નથી. (કા.૧૨)

૪. જીવને તત્કાળ અતિશય બળ ક્યારે આવે છે ? (ગ.મ.૬૩)

જ. ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. માટે જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.

પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતમાંથી કોઈપણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)

નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.

૧. **પાણીની સેરનું દૃષ્ટાંત (ગ.મ.૨) દૃષ્ટાંતઃ** જેમ કૂવો જળે કરીને પૂર્ણ ભરાયો હોય ત્યારે જે બાહેરથી પોતામાં સેર્યો આવતી હોય તેને પોતાનું પાણી ઠેલી રાખે છે, પણ માંહેલી કોરે તે સેર્યના પાણીનો પ્રવેશ કરવા દે નહીં; અને જો ઉલેચાઈને ઠાલો થાય તો સેર્યનું પાણી બાહેરથી માંહી આવે. એવી રીતે આત્મસુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઈન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે; પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી. **સિદ્ધાંતઃ** કામાદિક વિષયોને જીતવા માટે પહેલાં તેનો બહારથી ત્યાગ કરવો પડે. અંદરથી આત્માના સુખે પરિપૂર્ણ રહેવું પડે તો જ વિષયો જીતાય છે.

૨. **રાજનીતિનું દૃષ્ટાંત (ગ.મ.૧૨) દૃષ્ટાંતઃ** જેમ રાજા હોય તે રાજનીતિના ગ્રંથ ભણીને પોતાના રાજ્યમાં પોતાનો હુકમ ચલાવે પણ રૈયતનો દબાવ્યો દબાય નહીં. અને જો રાજનીતિ ન જાણતો હોય તો તે વસ્તી હુકમ ન માને તેને મારવા જ માંડે, પછી પોતાનો દેશ હોય તે ઉજ્જડ થઈ જાય અને કાં તો કોઈ હુકમ જ માને નહીં તેણે કરીને પોતે દુખિયો થકો વર્તે. એવી રીતે રાજનીતિ જાણ્યા વિના બે વાતે બગાડ થાય છે; તેમ જીવ પણ જો રાજનીતિને જાણ્યા વિના કાયાનગરમાં હુકમ કરવા જાય તો એમાંથી સુખ થાય નહિ. **સિદ્ધાંતઃ** રાજાને રાજ્ય કરવા માટે રાજનીતિ ભણવી પડે તેમ જીવને પણ પરમેશ્વરના ભજનમાં અંતરાય કરનાર ઈન્દ્રિયો, અંતઃકરણ અને મન સર્વેને વશ કરવા માટે અને પરમેશ્વર સન્મુખ રાખવા માટેના ઉપાયો રૂપી રાજનીતિ ભણવી જ જોઈએ.

૩. **માંદા અને ઔષધના દૃષ્ટાંતે નિયમનો મહિમા (ગ.મ.૧૬) દૃષ્ટાંતઃ** વિષય જીત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલા જે નિયમ તે જ છે. તેમાં પણ મંદ વૈરાગ્યવાળાને તો નિયમમાં રહેવું એ જ ઊગર્યાનો ઉપાય છે; જેમ માંદો હોય તે કરી પાળીને ઔષધ ખાય તો જ નીરોગી થાય. **અથવા** માંદાને તો કરીનો નિયમ હોય જે, આટલા દિવસ જ કરી રાખવી, તેમ કલ્યાણના સાધનનો પણ કોઈ નિયમ છે કે નથી ? પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેને શ્રદ્ધા મંદ હોય તેને તો ઘણેક જન્મે કરીને સાધનની સમાપ્તિ થાય છે. તે ભગવદ્‌ગીતામાં કહ્યું છે જે, 'અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્' એ શ્લોકમાં એમ કહ્યું છે જે, 'અનેક જન્મે કરીને સંસિદ્ધ થયો જે યોગી તે જે પરમ પદને પામે છે.' **સિદ્ધાંત :** આ લોકમાં પણ નિયમમાં રહ્યા વગર કોઈપણ વસ્તુની પ્રાપ્તિ થતી નથી. તેમ પરમેશ્વરને મેળવવા માટે પણ પરમેશ્વરે બાંધેલા નિયમમાં રહેવું જોઈએ.

પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)

નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંદર્ભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા.

૧. રવજી સુથારે ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞા મુજબ છ મહિના સુધી ફાળકો ફેરવ્યો તેથી તેની સ્ત્રીની વાસના ટળી ગઈ. (ગ.મ.૭)

સંદર્ભ : ગ.મ.૭ વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં

જેમ કહે તેમ મંડ્યો રહે. પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, 'આ બીચારો વૈરાગ્યરહિત છે, તેને કામ-ક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો' તો તત્કાળ ટળી જાય.

સમજૂતિ : વાસના ટાળવા માટેનો સૌથી સરળ ઉપાય મોટા સંતની અતિશય સેવા અને તેમની આજ્ઞામાં મંડ્યા રહીએ તો ગમે તેવી વાસના હોય અને વૈરાગ્ય ન હોય તો પણ તેમની કૃપાદૃષ્ટિથી વાસના ટળી જાય છે.

૨. ભગવાન રામની સામે યુદ્ધે ચડનાર રાવણના સંગનો વિભીષણે શ્વપચની જેમ ત્યાગ કર્યો. (કારિ.૧૦/૨૪૧)

સંદર્ભ : કારિ.૧૦ જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામીસેવકભાવ ટળી જતો હોય, તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠ તત્કાળ ત્યાગ કરવો.

સમજૂતિ : રાવણની સાથે જ રહેનારો ભાઈ વિભીષણ જ્યારે રાવણ ભગવાન રામની વિરુદ્ધ યુદ્ધે ચડ્યો ત્યારે તેનો ત્યાગ કર્યો. તેમ આપણે પણ જેના સંગથી તથા જેના શાસ્ત્ર સાંભળવાથી આપણી ઉપાસનાનું ખંડન થઈ જાય તેમ હોય તો તેના સંગનો અને તે શાસ્ત્રનો ત્યાગ કરવો જોઈએ.

૩. કેવળ પાઠ્યપુસ્તકથી વિદ્યા ન વરે પણ શિક્ષક તો જોઈએ જ. (ગ.મ.૧૩/૩૮૬)

સંદર્ભ : ગ.મ.૧૩ આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.

સમજૂતિ : કોઈ પણ વિદ્યાની પ્રાપ્તિ કેવળ પુસ્તકોથી નથી થતી. પુસ્તકોને સમજાવનાર શિક્ષક તો જોઈએ જ. તેમ આધ્યાત્મિક માર્ગમાં બ્રહ્મવિદ્યા મેળવવા માટે ગુરુ તો જોઈએ જ. ભગવાનની પ્રાપ્તિ માટે પણ તેમનું પ્રત્યક્ષ સ્વરૂપ હોવું જરૂરી છે.

૪. યુનોની વિશ્વ શાંતિ પરિષદમાં સ્વામીશ્રીએ સ્ત્રી-પુરુષ મર્યાદા જાળવી. (ગ.મ.૬૧/૪૭૪)

સંદર્ભ : અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોય પણ તેમાં ફેર પડે નહીં અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય.

સમજૂતિ : પાકા સત્સંગીની વ્યાખ્યા સમજાવતાં મહારાજ કહે છે. જે ત્યાગી હોય તેણે તો ક્યારેય કનક-કામિનીનો યોગ રાખવો જ નહિ. તેમાંથી જ પોતાના ધર્મમાંથી પડાય છે.

પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૯) **નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

૧. માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમજ રહે એ પ્રીતિનું લક્ષણ છે. (કારિ. ૧૧) (૪)

૨. અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે અને જેટલું માયિક પદાર્થમાત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છ સરખું જણાયા કરે છે. (ગ.મ.૫૫) (૨૭)

૩. ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (ગ.મ. ૫૯) (૩૦)

વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪ પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫

(ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૨૬, ૨૮ ભાગ - ૩, ઉદ્‌ગીથ : ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫ ભાગ - ૪ ઉદ્‌ગીથ : ૩ અને ૪ આધારે)

નોંધ :-(૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.

પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)

નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.

૧. અગણોતેરાના દુકાળમાં શ્રીજીમહારાજની ભક્તવત્સલતા

૧. મહારુદ્ર મહારાજના દર્શને - મહારાજને વિનંતી કરી - આપે આગાહી કરી છે તેથી આપની આજ્ઞા નહિ પાળે તેનો કચ્ચરઘાણ નીકળી જશે. આપના ભક્તનો અપરાધ થઈ જાય તો ક્ષમા કરશો. ૩/૨૩૯

૨. આપના સંતોને વામમાર્ગી બાવાઓએ માર્યા - આવા બાવાઓને લીધે ભાગવત ધર્મનું સ્થાપન નહિ થાય માટે આપની પ્રેરણાથી અધર્મનો નાશ કરીશ. ૩/૨૩૯-૨૪૦

૩. મહારાજે દાદાખાચરનાં ઢોર ગુજરાતમાં મોકલી વેચાવી દીધા હતાં - ઢોરના વેચાણમાંથી ઊપજેલ રકમમાંથી તુવેર, ચોખા, બાજરો, જુવારના કોઠાર ભરી દીધા - દાદાના દરબારમાં સદાવ્રત કરવાનો સંકલ્પ - પંચાળામાં ઝીણાભાઈને ત્યાં સો કળશી જુવારની ખાણ નખાવી હતી. લીમડીના મૂળજી શેઠના ઢોર વેચાવી અનાજ લેવડાવ્યું હતું. બંને ત્યાં સુધી ભૂખના દુઃખે લોકોને મરવા ન દેવાની મહારાજની દયાળુ પ્રકૃતિ. ૩/૨૪૧

૪. મહારાજ ગુપ્તવેશે ઉદાસીનતા ધારણ કરી દાદાના દરબારમાં રહેવા લાગ્યા. તપસ્વીનો વેશ ધારણ કર્યો. કેટલાક સંતોને સુરત મોકલી દીધા - મહારાજ રાત્રે વેશપલટો કરી અનાજ વહેંચવા નીકળતા - સત્સંગી કે બિનસત્સંગીના ભેદ વિના અનાજ વહેંચતા - રૂડા સિંધવે મહારાજને કહ્યું કે વરસાદ નહિ પડે તો ખૂબ મુસીબત થશે. માણસ માણસને ખાશે. આપ ભગવાન છો. આપનું ધાર્યું જ થાય છે. મહારાજે રાત્રે કૃપા કરી તેના ખેતરમાં વરસાદ વરસાવ્યો. ૩/૨૪૨-૨૪૩

૫. સુરાખાચરની વિનંતીથી મહારાજ સંતોને તેમના દરબારમાં મોકલવા તૈયાર થયા. ૩/૨૪૪

૬. મહારાજ વેશપલટો કરી બોટાદમાં - હમીર ખાચર મહારાજને ઓળખી ન શક્યા. ૩/૨૪૫

૭. એભલ ખાચરના દરબારમાં મહારાજે રાત્રિ સદાવ્રત શરૂ કરાવ્યાં હતા. કારણ સુખી ઘરનાં માણસો દિવસે અનાજ લેવા આવતાં અચકાતાં હતા. ૩/૨૪૬-૨૪૭

૮. ભીમનાથના રાંકાની પરિસ્થિતિ : કાળની વિષમતા ઘેરી - અનાજના સાંસા અનાજ મેળવવા ટોળેટોળા - ધક્કા મુક્કી - દીકરાને મળ્યું હોય તે ઝૂંટવીને મા ખાઈ જતી. ૩/૨૪૭-૨૪૮

૯. જીવા ખાચરને વિષ ઘોળવાનો વખત : જીવા ખાચરે ભીમનાથના સદાવ્રતની વાત કરી. મહારાજની આંખમાં આંસુ - જીવા ખાચર પોતે જમવા બેસે અને માંગણ આવે તો તેને થાળી આપી દેતા - વિષ ઘોળવાનો વખત આવ્યો છે તેવી વાત કરી. વસ્તા ખાચરે શ્રીહરિની આજ્ઞાથી રૂપિયા એક હજારની સેવા કરી. હરિભક્તોએ પૂજન કરી આપેલ રૂપિયા જીવા ખાચર તથા એભલ ખાચરને આપ્યા. કોઠીમાં અનાજ ભરી ઉપરથી છાંદી દેવાની આજ્ઞા - વસ્તા ખાચરને મહારાજે ભાયાતો, કાઠીઓ, સત્સંગીઓ બધાને અનાજની મદદ કરવાની આજ્ઞા કરી. આમ અનાજની મદદ ન કરે તો ચોરી લૂંટફાટનું અનિષ્ટ વધી જાય. તે રોકવા મહારાજે વસ્તા ખાચરને આવી આજ્ઞા કરી. ૩/૨૪૮-૨૪૯

૧૦. મેથાણના દેવશંકર અને કૃષ્ણજીને મળવા તેમના ગામને પાદર મહારાજ પધાર્યા. સૌની ખબર લેવા મહારાજ સ્વયં બધે વિચરતા. મહારાજનો જ ભક્તોને કઠણકાળમાં આશરો હતો. તેથી મહારાજ સ્વયં પધારતા. ૩/૨૫૬

૧૧. મેંથાણના દરબાર પૂંજાભાઈ તથા કાકાભાઈને મહારાજે જેતલપુરથી અનાજ અપાવ્યું. ૩/૨૬૦-૨૬૧

૧૨. મહારાજ પંચાળા પધાર્યા. ઉપલેટાનાં વેરાભાઈ દર્શને આવ્યા. મહારાજની અનાજ સાચવવાની આજ્ઞા પાળી ન હતી તેથી દુઃખી હતા. મહારાજે ઝીણાભાઈ પાસે તેમને ખાનગીમાં વસ્ત્ર, દાણા, રકમ વગેરે અપાવી. ૩/૨૬૨

૧૩. ભાદરામાં વશરામ સુથાર મહારાજને ઓળખી ન શક્યા તેથી પાણી પીવા ન આપ્યું. ૩/૨૬૩

૧૪. સંતો રસકસ વગરનું જમતા. તેથી શરીરે અશક્ત થઈ ગયાં હતાં. બ્રહ્માનંદ સ્વામીનું રતાંધળાપણું જોઈ મહારાજની આંખો ભીની થઈ ગઈ. મહારાજે સંતોને ખટરસના નિયમ મૂકાવી સારું ભોજન જમાડવા હરિભક્તોને આજ્ઞા કરી. ૩/૨૬૬-૨૬૭

૧૫. કુંડળમાં રાઈબાઈની ઈચ્છાથી મહારાજે તપસ્વીનો વેશ વગેરે છોડીને વૈષ્ણવી ચિન્હો ધારણ કર્યાં.
કાળના ઝપાટાને મહારાજે રોકી સમગ્ર દેશમાં દેશકાળ સારા થાય એવો સંકલ્પ કર્યો. ૩/૨૬૮
૧૬. મહારાજની કૃપાથી વરસાદ વરસ્યો. મહાકાળ અહીં થંભી ગયો. ૩/૨૭૨

૨. ક્ષમાધર્મના ધારક અને પ્રવર્તક - શ્રીજીમહારાજ

૧. ક્ષમા એ તમારું ખડગ અને ધીરજ એ ઢાલ છે. - મુક્તાનંદ સ્વામી અને સંતોને - પાંચસો સંતોને પરમહંસ દીક્ષા. ૨/૨૬૦
૨. તુમ ક્યા જીવનમુક્તા હૈ ? બાવાનો પ્રશ્ન - 'તમારાં ભાગ્ય જાગે ત્યારે આ હાથની પ્રસાદી જમવા આવજો.' ૨/૩૦૭
૩. આજે ફૂલ કેમ ન મોકલ્યા ? મહારાજ પ્રત્યે જગજીવવનો દ્વેષ વધ્યો. ૨/૩૦૯
૪. મહારાજ જગજીવનના યજ્ઞમાં પધાર્યા. ૨/૩૧૦ થી ૩૧૩
૫. પેશ્વાના સૂબાનું કાવત્રું (દેવાનંદ સ્વામીને શાપ આપતાં રોક્યા) ૨/૪૪૦ થી ૪૪૩
૬. વામાચારી બ્રાહ્મણ મહારાજને મારવા આવે છે. - તેને મારશો નહિ - ભેખ તો એવા જ હોય. ૨/૪૬૧ થી ૪૬૨
૭. તેના કૃત્ય સામે ન જોયું. તેના કૃત્ય જ તેને જેર કરશે. - જગજીવન ગંગારામ મલ્લને ત્યાં આરબ મોકલે છે. ૩/૨૭થી૩૦
૮. તારા સ્વામિનારાયણને પહેલા મારા આરબોના દર્શન થશે - મહારાજ વીસનગરમા. - લાલદાસ મહારાજને નમે છે. ૩/૧૨૨ થી ૧૨૬
૯. સત્સંગીઓને નાત બહાર કરનાર શોભારામ - ચાર દિવસમાં અંધ - મહારાજ મળવા જવા તૈયાર. ૩/૧૨૬
૧૦. નાજા જોગિયાના ઢીંચણ ભાગવા તૈયાર થયેલા વાસૂરખાચરની ડેલીએ મહારાજ - વાસુરખાચર ભક્ત બને છે. ૩/૧૩૨થી ૧૩૪
૧૧. આણંદમાં વિરોધનો વંટોળ ૪/૪૮ થી ૫૩
૧૨. વિઠ્ઠલરાવ બાબાજી ગોપાળાનંદ સ્વામીને મલિન વિદ્યાથી મારવા ગયેલા ઢુઢુંબાને સમાધિમાં યમયાતના - પરિવર્તન. ૪/૫૫-૫૬

૩. શ્રીજીમહારાજે કરાવેલી ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ

૧. આ મૂળજીમાં મીઠાસ ભરી છે. તેમની પાસે રહે તો જગતની કડવાશ ટળી જાય. ૨/૨૮૨
૨. અમારી મૂર્તિ ભેગી આ મૂળજી મહારાજની મૂર્તિ પણ મોટા મંદિરોમાં સ્થપાશે, પૂજાશે. ૨/૨૮૨,૨૮૩
૩. આજે શરદ પૂર્ણિમા છે અને અમારા અક્ષરધામનો જન્મદિવસ પણ છે. ૨/૨૮૩
૪. મહારાજ મૂળજી શર્માનો મહિમા કહે છે. ૨/૨૮૫,૨૮૬
૫. અક્ષરનો મહિમા સમજાય ત્યારે પુરુષોત્તમનો મહિમા સમજાય. ૨/૨૮૭ થી ૨૯૦
૬. અનાદિ અક્ષરબ્રહ્મને ભાગવતી દીક્ષા અપાય છે. ૩/૬૫-૬૬
૭. સદ્‌ગુરુ ખેલે વસંત : મહારાજનો પ્રશ્ન અને ઓળખ. એવા સદ્‌ગુરુ કોણ ? ૩/૨૨૩-૨૨૪
૮. આ સાધુ જમે છે તેમ જમતા શીખો - સ્વાદ તો અમારી મૂર્તિનો લે છે. ૩/૩૬૧

પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.
(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮) નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.

૧. રાજમાતા કુશળકુંવરબા - ભક્તિનો આદર્શ

૧. પ્રગટ ભગવાન કાંડું પકડશે ત્યારે કલ્યાણ થશે. ૩/૩૯૯
૨. ધરમપુરમાં મહારાજનું ભવ્ય સ્વાગત. ૩/૪૦૩
૩. ભક્તો પહેલાં મહારાજ પછી. ૩/૪૦૫
૪. આપ અનંત અવતારોનું મૂળ છો. ૩/૪૦૫
૫. મેં તમારો અપરાધ કર્યો છે. ૩/૪૦૭
૬. રાજમાતાએ મહારાજને શણગાર કર્યો. ૩/૪૧૧
૭. તમને અણીશુદ્ધ ચોખ્ખા કરવા છે. ૩/૪૧૪
૮. હું જ મહારાજને જમાડવા આવું છું. ૩/૪૧૭

૯. આ રાજમાતા સાક્ષાત્ અન્નપૂર્ણા છે. ૩/૪૧૮
૧૦. અમારું અંતર્યામીપણું કામમાં ન આવ્યું. ૩/૪૧૯
૧૧. મહારાજની મૂર્તિ રાણીના અંતરમાં વસી ગઈ. ૩/૪૨૪થી૪૨૬
૧૨. અનિર્દેશ તે કયો દેશ છે ? ૩/૪૨૭
૧૩. મહારાજ ! આપ આ રાજ્ય ન સ્વીકારો ? ૩/૪૨૮
૧૪. કુશળકુંવરબાને શ્રીહરિના સંબંધે ભક્તોનો-સંતોનો મહિમા ૩/૪૦૩, ૪૦૮, ૪૧૭ થી ૪૧૯

૨. કથીરનાં કુંદન કર્યાં

૧. મૂળુ ખાચરે લીધેલા શરતી વર્તમાન.- મહારાજ સાથે સત્સંગ માટે મૂળુ ખાચર ગુજરાત તરફ - ઓલ્યો હોકાવાળો સત્સંગી નથી. મૂળુ ખાચરે છોડેલો હોકો - મૂળુ ખાચરે છોડેલું અફીણ. ૨/૧૯૫, ૧૯૬,૨૦૬
૨. આતતાયીઓ આગળ અહિંસા એ નામર્દાઈ છે. ૨/૨૦૩-૨૦૪
૩. ધર્મ કરવાને અર્થે પણ ચોરી ન કરવી. (પગીઓને આપેલો ઉપદેશ) ૨/૨૦૪
૪. જેતલપુરની વેશ્યા પાવન બને છે. ૨/૪૧૮થી૪૨૧
૫. ગણિકા મહારાજને આમંત્રણ આપે છે. ૨/૪૨૯
૬. પડી વસ્તુ કોઈની હાથ ન ઝાલે રાજ (એક સાધુએ પડેલી કેરી લીધી) ૩/૧૨
૭. જોબન પગીને આગળ બોલાવો. ૩/૬૧
૮. જોબન ભક્ત આજે જન્મે છે. - ધર્મ એ ન્યાત-જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો વાડો નથી. જોબનના નિયમ-ધર્મ-કાયાપલટ. ૩/૬૨-૬૩
૯. તમારામાં મૂર્તિને ઊંચકવાનું બળ આવશે. (કંથારિયામાં દેવી પાસે થતી હિંસા કળથી બંધ કરાવી) ૩/૧૧૫
૧૦. લાલદાસ મહારાજને નમે છે. ૩/૧૨૪ થી ૧૨૬
૧૧. વાસુર ખાચર ભક્ત બને છે. રાજા અને પ્રજા બંનેને મહારાજ ધર્મ તરફ વાળે છે. અનીતિ છોડાવે છે. ૩/૧૩૩

૩. અંતર્યામીપણે સંકલ્પ પૂરા કરનાર શ્રીજીમહારાજ

૧. લાડુદાનજીના બધા જ સંકલ્પો પૂરા કર્યા. (ગુલાબનો હાર, કાળા કામળા પર ભાગવત, નામ દઈને બોલાવે.) સોળ ચિહ્નો (ચરણમાં) ૨/૧૩૬-૧૩૯
૨. જીવણ ભક્તનો થાળ જમે છે. ૨/૪૩૩
૩. ધોતીયું ધોવા દે તો ભગવાન સાચા (લાકરોડમાં નદી કિનારે ભાવસારનો સંકલ્પ પૂરો કરવો) ૩/૧
૪. હીરજીભાઈના સંકલ્પે ભૂજમાં કરેલો અન્નકૂટોત્વ. ૩/૧૬, ૨૨
૫. વાંસદામાં જમ્યા પછી રાણીના કિંમતી અંબરથી મહારાજે હાથ લૂછી રાણીનો ભાવ પૂરો કર્યો. ૩/૪૨૪

પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.
(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)

નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો.

૧. **સારંગપુરમાં મહારાજ મોભ ઊંચકે છે. (૩/૧૭૮)** જીવાખાચરે મહારાજને વરસાદ માટે કરેલી વિનંતી - ઈંદ્ર તો રિસાયો છે પણ તમારા જેવા ભક્ત માટે તેને વરસવું પડશે. - આવે તો છે પણ રીસે ભરાઈને આવે છે અનરાધાર વરસશે. આવશે પછી પણ ખોટ દેખાશે. - ઘરો પડવા માંડ્યા - મારા ઘરનો મોભ તૂટશે અને મારાં છોકરાં અને ઢોર પીલાઈ જશે. દેવા પટેલ અને લાખા પટેલની ચીસ - મહારાજે પોતાના ખભે ટેકવેલો મોભ- મહારાજના ખભે પડેલો કાપો સ્નાન કરાવતાં બ્રહ્મચારીની નજરે - દેવો પટેલ તો માર્ગી પંથનો છે. - એણે ભગવાનને સાદ કર્યો એટલે અમારે જવું પડે - **મનન :** ભગવાનને મન તો બધા જ સરખા છે. રાજા હોય કે રંક, પોતાનો ભક્ત હોય કે ન હોય સૌને એ સહાયતા કરે છે.

૨. **શ્રીજીમહારાજ નવા પરમહંસોને દંડવત્ કરે છે. (૨/૩૦૨)** મારા વચને સગાં-સંબંધી, ગામ-ગરાસ બધાંની મમતાનો ત્યાગ કરીને પરમહંસ બનીને આવેલા સંતો, ભક્તોને હું દંડવત્ ન કરું તો બીજા કોને કરું - જેને કલ્યાણની ગરજ હતી, અમને રાજી કરવા હતા તે બધા આવ્યા છે - તમારું નામ તો નો'તું લખ્યું - 'આદિ' માં

આવી ગયા - ગામધણીઓ સાધુના સ્વાંગમાં-સુંદરજીભાઈનું મોં પડી ગયું - સુંદરજીભાઈએ માગેલી માફી - મૂળજી કેમ ન આવ્યો ? - સ્ત્રીમાં આસક્તિ એ કલ્યાણના માર્ગમાં મોટામાં મોટું વિઘ્ન - ભગવા પહેરાવ્યાં પણ કાંઈ નામ આપ્યાં ? મહારાજનો પ્રશ્ન - માંચાખાચર-અચ્યુતાનંદ, અલૈયાખાચર-નિષ્કામાનંદ, લાધા શેઠ-યોગેશ્વરાનંદ, અજા પટેલ- પૂર્ણાનંદ, મૂળુભાઈ-ત્યાગાનંદ, માતરા ધાધલ-નિર્માનાનંદ,-મહારાજે સમજાવેલો નવા પરમહંસોનો મહિમા. **મનન :** મહારાજ અને સંતનો જેને સાચો મહિમા સમજાયો હોય તે કોઈ પણ વચન હેઠું પડવા ન દે. કોઈ માયા કે મમતામાં બંધાય નહિ. કલ્યાણના માર્ગેથી ક્યારે પણ પડે નહિ.

૩. **સોમબાફૂઈ પર મહારાજ કુરાજી થયા.** (૩/૫૫૩) દગડા ચોથના દિવસે સોમબાફૂઈએ લોકોને ગાળો બોલ્યા - મહારાજ ઉદાસ થયા - - હવે અહીં રહેવું નથી - દાદાખાચરે કરેલી મહારાજને પ્રાર્થના - મહારાજ હરજી ઠક્કરને ઘેર - સોમબાફોઈએ પણ માફી માગી કરેલી પ્રાર્થના - મહારાજે બતાવેલી નારાજગી - સદ્‌ગુરુઓએ કરેલી પ્રાર્થના - તમારો સ્નેહ પણ અમને અમારા નિશ્ચયમાંથી ફેરવી શકશે નહિ - બ્રહ્માનંદ સ્વામી : જેમનાથી રીસાણા છે તે જ મનાવે. ન માને તો અન્નજળનો ત્યાગ કરે. **મનન :** સત્સંગમાં આવ્યા પછી પણ જાતિ-સ્વભાવ ન મૂકી, ખોટા રિવાજોમાં બંધાઈ રહીએ તે મહારાજને ગમતું નથી. ત્યાં મહારાજનો વાસ પણ રહેતો નથી. મહારાજને પાસે રાખવા માટે પણ સ્વાભાવ મૂકવા.

૪. **રૂપરામ ઠાકરે ખાંડ ન આપી અને બળતરા થઈ** (૪/૪૧) રૂપરામ ઠાકરે રસ ને રોટલીની રસોઈ બનાવડાવી. - બ્રહ્મચારી થાળ ધરાવતાં હતા. ત્યારે મહારાજે રસમાં નાખવા ખાંડ માંગી - બીજા માણસોએ રસમાં ખાંડ નાખવાનો ચાલ નથી કહી ન આપી. - મહારાજ નૈવેદ્યનો થાળ જમી ગયા - સંતો-હરિભક્તો જમવા બેઠા ત્યારે મહારાજે ફરીથી ખાંડ માંગી પણ બીજા કામમાં રોકાયેલા રૂપરામ ખાંડ આપવાનું ભૂલી ગયા. - મહારાજે બધાને ખૂબ રસ જમાડ્યો - બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું રસ કેવો ? - માથાના મોવાળા ઊભા થાય એવો રસ - ગુણાતીતાનંદ સ્વામી : અમૃત જેવો. રૂપરામ ઠાકરનો ભાવ અને આપ સાક્ષાત્ પીરસો એટલે એમાં શું ખામી હોય - ચોગાનમાં મહારાજે કીર્તન ભક્તિ કરાવી - રૂપરામ ઠાકરે રસ ખાતાં ખબર પડી રસ ખાટો - મહારાજ પાસે આવી માંગેલી માફી - અમારા સંતોને જગતની ખટાશ ચડી ગઈ છે. એટલે તમારો રસ ખાટો લાગ્યો નથી. - મહારાજે સંતોને કરેલો પ્રશ્ન : - અમે તો આપનાં દર્શન કરતાં કરતાં જમ્યા એટલે સ્વાદની ખબર નથી. - રૂપરામે લીધેલો નિયમ 'હવે આખો જન્મારો ખાંડ ન ખાવી.' **મનન :** ભગવાન અને સંત જ્યારે કાંઈ માંગે ત્યારે લોકના રિવાજ વચ્ચે ન લાવતાં આપી દેવું જોઈએ - ભગવાન અને સંત હાજર હોય ત્યારે બીજા કામ ગૌણ કરી તેમને જ પ્રધાન રાખવા - જ્યારે ભગવાન અને સંત જે કાંઈ પણ આપે તેમાં કોઈ પણ જાતનો દોષ જોયા વગર લેવું જોઈએ. જમવામાં સ્વાદ તો મહારાજની મૂર્તિનો જ લેવો જોઈએ. ભૂલનું પ્રાયશ્ચિત કરવું જોઈએ.

૫. **મને અધમણ સોનું આપો** (૩/૨૨૮) ગઢડામાં મહાનુભાવાનંદ સ્વામી મહારાજના ચરણ ચાંપવા લાગ્યા ત્યારે મહારાજે બંને ચરણ ખેંચી લીધા. તેથી સ્વામીએ મહારાજને કહ્યું : અમારા તપમાં કાંઈ ખામી છે કે આપના ચરણની સેવાથી અમને વંચિત રાખો છો ? તમારા માટે અમે સંસારનો ત્યાગ કર્યો, અપમાન, તિરસ્કાર, માર સહન કર્યા, આપે ફેરવેલા પ્રકરણોમાંથી પસાર થયાં હવે શું કરવાનું બાકી રહે છે ? તે આપ અમને આ લાભ લેવા દેતા નથી ? ત્યારે મહારાજ ભિખારી શેઠનું ફળિયું વાળી અધમણ સોનું માગે છે તે વાત કરીને કહે છે : તમે જે કાર્ય કર્યું તે તો બે પૈસાનું છે. બદલામાં તમને પુરુષોત્તમનારાયણની સેવા મળે ? આગળના મોટા મોટા રાજાઓએ રાજ્ય છોડી તપશ્ચર્યા કરી. તેમની આગળ તમે શું ત્યાગ્યું ? તેમણે ખૂબ તપ કર્યું હતું છતાં તેમના તપમાં ભંગ પડ્યો તો તમારા તપનો શો ભરોસો ? ત્યારે સ્વામી કહે છે : મહારાજ અમે એવા તો નથી. અમને તો ઈન્દ્ર તથા બ્રહ્મા ચળાવવા આવે તો પણ અમારા તપમાંથી ચલાયમાન થઈએ એવા નથી. તેમની દ્રઢતા જોઈ મહારાજે પાછા પોતાનાં બે ચરણ પ્રસાર્યા. **મનન :** મહારાજ ક્રિયાસાધ્ય નથી. કૃપાસાધ્ય છે. આપણે પણ મહારાજની સેવા મેળવવા માટે ગમે તેવા પ્રલોભનો આવે તો પણ તેમાં ન લોભાતા પુરુષોત્તમ નારાયણમાં જ લોભાવું.

પ્ર.૯ નીચે આપેલા પાત્રોમાંથી કોઈપણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)

નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.

૧. મુક્તાનંદ સ્વામી : ૧. ધ્રાંગધ્રામાં બાવાઓ મારે છે. - આપે વનવિચરણ દરમ્યાન અનેક કષ્ટો, તિરસ્કાર, અપમાન સહન કર્યાં - તે કેવળ અમારે માટે જ, અમને સાધુતા શિખવાડવા માટે જ ! તો આપના પગલે અમે ચાલીએ તો તેમાં અમારી સાધુતા અને ગૌરવ છે. ૨/૨૫૮-૨૬૧

૨. મહારાજના ગુરુ હોવા છતાં મહારાજના વચનમાં સદા તત્પર - મહારાજની આજ્ઞાથી શ્રીનગર જવા તૈયાર થયા. ૨/૩૩૪

૩. તમારા જેવા સંત, મારી મરજી પ્રમાણે વર્તનાર આ બ્રહ્માંડમાં હજુ સુધી ભાળ્યા નથી. માન-મોટપ તજી દીધી, સદ્ગુરુપદ તજી દીધું, તમે તો દંડવત્ કરવા યોગ્ય જ છો. - મહારાજ સ્વામીનો મહિમા કહે છે. ૨/૩૫૮થી૩૫૯

૪. મહારાજે ગણિકાના ઘેર જવાની વાત કરી તરત જ સંશય વિના સ્વીકારી લીધી ૨/૪૩૦

૫. મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો સાથે મહારાજ ગણિકાને ઘેર પધાર્યા ત્યારે સ્વામીએ ‘કોડે આનંદ ઘેર શ્રીજી પધાર્યા ......’ કીર્તન બનાવ્યું ૨/૪૩૭

૬. લોલંગરના બાવાઓએ મુક્તાનંદ સ્વામીને માર્યા - આંખમાંથી લોહી ટપક્યું - ‘મહારાજ ! આપ સાક્ષાત્ પરમાત્મા છો. આપને આવું કરવું ન ઘટે.’ - મહારાજના ક્રોધને શાંત પાડતા મુક્તાનંદ સ્વામી. ૨/૪૬૭,૪૬૮

૭. મુક્તાનંદ સ્વામીને મહારાજે બેરખો માર્યો ત્યારે સ્વામી : નિયમનાં બંધનો નાના મોટા સૌએ સ્વીકારવા જ જોઈએ. ૩/૧૩૯

૮. મહારાજની આજ્ઞાથી વેમારડી તથા તવરામાં સ્વામી હિંડોળે ઝુલ્યા, વસ્ત્ર-અલંકારો પહેર્યા. ૩/૨૩૧,૨૩૪

૯. ‘જીવ તો એવા જ હોય’ - જાળિયા મંદવાડમાં સંકલ્પ કહેતા મહારાજને મુક્તાનંદ સ્વામીએ કરેલી વિનંતી ૩/૨૭૬

વ્યક્તિત્વનું આલેખન : (૧) બાવાઓ મારે છતાં પોતાની સાધુતા છોડતા નથી. (૨) મહારાજના ગુરુ હોવા છતાં માન-મોટપ છોડી મહારાજની મરજી પ્રમાણે જ રહે છે. (૩) મહારાજની કોઈપણ ક્રિયામાં સંશય રાખ્યા વગર નિર્દોષ બુદ્ધિ રાખી. (૪) મહારાજની આજ્ઞા પૂરતાં જ વસ્ત્ર-અલંકારો ગ્રહણ કર્યા છતાં તેમાં લોપાયા નહિ. ફરીથી ભગવાં ધારણ કરી લીધા. (૫) સત્સંગી માત્રની ‘મા’ સમાન હતા. મહારાજ પાસે આવતા જીવોના પણ દોષ ન જોતા. મહારાજને તેમની પર કરુણા દાખવવાની અરજી કરતા.

૨. વિજાપુરનાં વજીબા

૧. મહારાજ વિજાપુરમાં વજીબાને ત્યાં. ૩/૧૧૬-૧૧૭

૨. વજીબા સત્સંગી થાય છે. ૩/૧૧૭-૧૧૮

૩. સ્વામિનારાયણ પીપળાને ખસેડે તો ભગવાન માનજે. ૩/૧૧૮-૧૧૯

૪. સબ ભૂમિ ગોપાલકી. ૩/૧૧૯-૧૨૦

૫. સ્વામિનારાયણે તો બાબરો ભૂત વશ કર્યો છે. ૩/૧૨૦-૧૨૧

૬. મહારાજ પીપળો ખસેડે છે. ૩/૧૨૧

૭. તમારી ગાળો અમને મીઠી લાગી. ૩/૨૨૯-૨૩૦

વ્યક્તિત્વનું આલેખન : સાચી સાધુતાની જાણ થતાં જ ભેખધારી બાવાઓનો સંગ છોડી દીધો - મહારાજમાં અચળ નિષ્ઠા કરી. ખુદ મહારાજ ચળાવવા આવ્યા તો પણ ન ચળ્યા. - અચળ આશરો - આશરામાં પોલ નહિ.

વિભાગ - ૩ : ‘યોગીજી મહારાજ’ નવી આવૃત્તિના આધારે - સામાન્ય જ્ઞાન નિબંધ

પ્ર.૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)

૧. યોગીજી મહારાજની જીવનભાવના - ભગવાન સૌનું ભલું કરો.

૧. ઘાટકોપર સર્વોદય હોસ્પિટલમાં - બધા દર્દીઓ સાજા થઈ જાય. ૨૪૧

૨. આ તો બંડિયા છે. એમ કહે તો પણ કલ્યાણ. ૨૪૨

૩. કીર્તિ એક્સપ્રેસને ભયંકર અકસ્માત થયેલ તે જગ્યાએ અવગત પામેલ જીવોની સદ્ગતિ માટે તે સ્થળે જળ છંટકાવ. ૨૪૨

૪. થેમ્સ નદીમાં ઠાકોરજીને નવડાવ્યા. હવે આ નદી પવિત્ર. જે સ્નાન કરે તેનું કલ્યાણ. ૨૪૨

૫. અમરેલીની નગરયાત્રાના દર્શન કરનારનું કલ્યાણ. ૨૪૩
૬. અડાલજની વાવ બનાવવામાં સહભાગી થનાર દરેકનું કલ્યાણ. ૨૪૩
૭. વૃંદાવન ગાર્ડન બનાવનાર - ત્યાં જોવા જનાર - ત્યાંના માળી સર્વનું કલ્યાણ ૨૪૩
૮. મદ્રાસ રાયપુર દરિયામાં રહેલ જીવજંતુનું કલ્યાણ. ૨૪૩
૯. નારાયણસિંગની સો મિલમાં થાંભલા તરીકે ગોઠવેલ ઝાડનું કલ્યાણ. ૨૪૩
૧૦. સ્ટીમરમાં હરિભક્તોએ યાત્રા કરી તે દરિયાનું કલ્યાણ. આખા નૈરોબી શહેરનું કલ્યાણ. ૨૪૩
૧૧. થૂંકદાની પ્લેનમાં રહી ગઈ. તે લઈ જનારનું કલ્યાણ. ૨૪૪
૧૨. કિસુમુમાં બંગલામાંના આંબાનું કલ્યાણ. ૨૪૪
૧૩. વિકટોરીયા સરોવરના કિનારા પરના પથ્થરનું કલ્યાણ. ૨૪૪
૧૪. જ્યાં વિમાન ઉડ્યું તે નીચેની ધરતી, ત્યાં રહેનાર મનુષ્યો, જીવજંતુ બધાનું કલ્યાણ. ૨૪૪
૧૫. સ્વામીશ્રીને કરડનાર લાલ મંકોડાનો મોક્ષ. ૨૪૫
૧૬. યોગીજી મહારાજની માળા ફોલી ખાનાર ઉંદરનું કલ્યાણ. ૨૪૫
૧૭. ભાદરામાં વડના ઝાડ પરથી ચરકનાર પક્ષીનું કલ્યાણ. ૨૪૫
૧૮. સગડીમાંથી કોલસો ઊડીને સ્વામીશ્રીને ગળે. ફોલ્લો પડ્યો. તણખો ઊડ્યો તે ઝાડનું કલ્યાણ. ૨૪૬
૧૯. પટેલના ખેતરમાં દસ હજાર વર્ષથી તપ કરતાં આંબાનું કલ્યાણ. ૨૪૬

૨. સાધુતાના સુમેરુ - યોગિરાજ

૧. ઘી વગરની રોટલી - બેસુમાર મારથી મૂર્છાવશ. ૪૬
૨. સખત તાપમાં સ્ટેશને કોઈ લેવા ન આવતાં યોગીજીનું અપમાન, ધુતકાર, ઉપેક્ષામાં પણ સ્થિતપ્રજ્ઞ. ૪૭ થી ૪૯
૩. સુથાર હરિભક્તના વ્યસનને કારણે યોગીજી મહારાજને જાહેરમાં વિજ્ઞાનદાસ દ્વારા ઠપકો અને માર. ૪૯
૪. ગુરુ આપણને વઢે, ટોકે તે સારા માટે હોય. - ઉપવાસ આપ્યો છતાં ગુરુનો ગુણ લીધો. ૪૯-૫૦
૫. જોગી જેવા સાધુ ગોતવા ગયે મળે તેવા નથી. ૫૧
૬. પીંડી પરનું કાળું ચાઠું વેઠેલી અપાર યાતનાઓનું જીવનભરનું નિશાન. ૫૨
૭. ચૌદ-પંદર ફૂટ ઉપરથી ફેંકી દીધા. - સોખડાનો પ્રસંગ. ૫૨
૮. યોગીજી મહારાજની સાધુતાના મહિમામાં ખોવાયેલું વિનુ ભગતનું મન. ૫૫
૯. વિનુ ભગતે લખેલો પત્ર ફાડી નાખ્યો. ૫૬
૧૦. સંવત ૧૯૯૨માં ડાંગરામાં વિજ્ઞાનદાસના મારથી ખેંગારજીભાઈએ છોડાવેલા યોગીજી મહારાજ. ૫૬-૫૭
૧૧. પોતાની ભૂલના દોષનો ટોપલો યોગીજી પર નાખતા વિજ્ઞાનદાસ. ૫૧
૧૨. મીરસાપુરમાં જીવાભાઈને ત્યાં જમવા બેઠેલા યોગીજીને ઉપવાસ આપ્યો. ૫૦-૫૧
૧૩. જમવા બેઠેલે યોગીજીના પત્તરમાં છલોછલ પાણી રેડ્યું. ૫૦

૩. સેવામૂર્તિ યોગિરાજ

૧. સેવાએ લોહીનો લય - 'સેવાથી સત્પુરુષ હૃદયમાં (જ્ઞાનનો) પ્રકાશ પાથરી દે.' ૮૦
૨. 'વાસણ ઘસવાથી પ્રાપ્તિ થઈ છે.' સહુ તેમનામાં ખેંચાતા તેનો આવો ઉત્તર યોગીજી મહારાજ આપતા. ૮૧
૩. ઈષ્ટદેવ અને સદ્‌ગુરુઓના, સંતો હરિભક્તો દ્વારા થયેલ ઉજ્જવળ સેવાના દષ્ટાંતો આપતા. પર્વતભાઈ ગોલા થઈને સેવા - ગુણાતીતાનંદ સ્વામી ચોક વાળતા તે પ્રસંગો મહિમા પૂર્વક કહે. ૮૨
૪. સારંગપુરમાં આવેલ ૭૫ હરિભક્તો માટે થાક છતાં ટાણાની સેવા. - 'અત્યારે તો જોગી જ મારી લાજ રાખશે.' - શાસ્ત્રીજી મહારાજ - ૪૦ સદ્‌ગુરુઓની સેવા - મને અંતરમાં શાંતિ છે. ૮૩-૮૪
૫. સેવા કરવાની ઉત્કંઠા - બાથરૂમમાં પડેલ(યુવકોનાં) કપડાં ધોઈ નાંખ્યા. ૮૫
૬. હરિભક્તો પ્રત્યે મહિમાની દૃષ્ટિ બાબુભાઈનું ધોતિયું ધોઈ નાંખ્યું. ૮૫
૭. ઠાકોરજીના થાળની સેવા ક્યાંથી - માતમ સ્વામીએ દયા કરી સેવા આપી. - અટલાદરામાં રાત્રે બાર વાગે સી. ટી. પટેલને સૂવાની વ્યવસ્થા કરી આપી. - રામોદમાં કથાવાર્તા કરી રસોઇ કરી. ૮૬

૮. ૭૪ વર્ષની વયે અનેક રોગો છતાં 'વાસણ ઉટકવાનો ઉત્સાહ.' - ગોંડલમાં ૭૬ વર્ષની વયે પણ સેવા ૮૭

૯. સેવા ભાવનાની ઝંખના - સ્વપ્નો પણ સેવાના જ આવે - સેવા તો ઘણાંથી થાય પણ મહિમાની દૃષ્ટિ - યોગીજી મહારાજ જેવી ભળે તો સોનામાં સુગંધ. - ગૌશાળા સાફ કરી - હરિભક્તોને પાણી પાયું - ચાણસદમાં દસ શેરની રોટલી ને અધમણનું શાક કર્યું. ૮૮-૮૯

પ્ર.૧૧. નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો.
(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ : ૬)

૧. ઐશ્વર્ય

૧. આપનામાં મને રામકૃષ્ણ પરમહંસના દર્શન થાય છે. - નટવરલાલ દવે. ૨૨૬

૨. સર્વજીવોના અંતર્યામી આપ કેવી રીતે છો ? લંડનમાં ન્યુઝ એજન્સીના રિપોર્ટર મિ. ડેવિસનો પ્રશ્ન ૨૨૬

૩. 'બાપનો વંશ દીકરો મહારાજનો વંશ સત્પુરુષ' સૂત્રમાં ઘણું બધું રહસ્ય છતું થયું. ૨૨૭

૪. નાના અક્ષરસ્વામીને સ્વપ્નમાં શાસ્ત્રીજી મહારાજના દર્શન - યોગીજી મહારાજનું અપમાન કરવાના પ્રાયશ્ચિતરૂપે એકાવન ઉપવાસની આજ્ઞા ૨૨૮

૫. 'સ્વામી અંતર્યામી ખરા ' - સોમાભાઈ ચાવાળાને તેમના સંકલ્પ પ્રમાણે સેવા કરવાની આજ્ઞા ૨૨૮

૬. 'આજે ભગવાનના સાન્નિધ્યનો આનંદ શો હોય તેનો અનુભવ થયો.'- મગનભાઈ ૨૨૯

૭. સંવત્ ૨૦૧૩માં ગોંડલમાં હરિયાગ અને અક્ષર જન્મોત્સવમાં અઢારથી વીસહજાર જેટલા ભક્તોને અંગત સુખ આપ્યું. ૨૨૯

૮. 'ફુવારા પાસેથી કેમ પાછા વળી ગયા ? ઘાટ પર કેમ ન આવ્યા ?' જજ વી. સી. દવે સાહેબને સ્વપ્નમાં યોગીજી મહારાજના દર્શન. ૨૩૦

૯. શાસ્ત્રીજી મહારાજનું જીવન ચરિત્ર વાંચો તેમાં મારું આવી ગયું. - વિનુ ભગતને ૨૩૦

૧૦. 'તમને એમ થાય છે કે આ જોગી શું કરશે ? પણ એ તો સૌને પ્રિય થઈ જાશે. શાસ્ત્રીજી મહારાજના આદરેલાં કાર્ય પૂરાં કરશે. હવે શંકા ન રાખવી.' દેરીમા પ્રદક્ષિણા કરતાં મણિભાઈ તથા ગોરધનભાઈ બ્રહ્મભટ્ટને. ૨૩૦

૧૧. જો હું ધારું તો .... તમને સેવા ક્યાંથી મળે ? ૨૩૧

૧૨. મંદિરનાં પગથિયાં ચઢતાં જમણી બાજુએ ઓસરીના ખૂણા ઉપર બેઠા હતા. અમે ભેળા હતા. ૨૩૨

૧૩. બાપા બીજે જમો છો ? પ્રેમપ્રકાશ સ્વામી. - આખો દેશ જમાડે છે. 'જોગી જમો, જોગી જમો.' એમ કહે છે. આ ઓડકાર પણ એના આવે છે. ૨૩૨

૧૪. 'અહીં અક્ષરપુરુષોત્તમ પધરાવ્યા છે. તેથી દર્શન કરવા આવ્યા. તે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિઓ હતા.' - તણસા ગામના મુસ્લિમભાઈને ૨૩૩

૧૫. ભાવનગર નરેશ કૃષ્ણકુમારસિંહજીને ત્રાપજ પધારવાનું આમંત્રણ આપવાની સ્વામીએ ના પાડી. મહારાજાનું અવસાન ૨૩૩-૨૩૪

૧૬. ડર્બનથી આવેલી ધાબળી ઓઢી રાખી. - સાક્ષાત્ શ્રીજીમહારાજ એમનામાં રહીને ધાબળી ગ્રહણ કરી રહ્યા છે તેવી પ્રતીતિ કરાવવા માટે ઓઢી રાખી. ૨૩૫

૧૭. મહારાજે અક્ષરધામમાં ખીચડી ખાધી. ૨૩૫

૨. ભીડો એ જ ભક્તિ

૧. ભીડો વેઠવાનો હેતુ - હરિભક્તોના સંતોષ માટે, રાજી રાખવા માટે. ૧૫૫

૨. પધરામણીની સંખ્યા - વિકટ પરિસ્થિતિ શિયાળો - ઊનાળો - ચોમાસુ - દેહને ગણકાર્યા વિના પધરામણી. ૧૫૬

૩. કઠિન પરિસ્થિતિ - વાહન બગડે ધક્કા મારવાના - વરસાદ ચાલુ - નિર્ધારિત કાર્યમાં વિલંબ થાય છતાં પધરામણી ચાલુ જ રાખતા. ૧૫૬

૪. ભેંસદડમાં નવા મકાનમાં પધરામણી કરાવવાની હતી. બીજા ઘણા હરિભક્તોની પધરામણી માટે વિનંતી. રાતના દસ વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલુ જ રહ્યો. ૧૫૬
૫. અમદાવાદમાં એકાદશીના દિવસે સવારે ૯.૩૦ થી સાંજે ૬ સુધી ફરી પધરામણી. ૮.૩૫ થી ૧૨ વાગ્યા સુધી કથાવાર્તા. ૧૫૭
૬. વાસદથી પીપલગ સવારે ખાતવિધિ. પછી ખુરશીમાં બેસી પધરામણીઓ. ૧૫૭
૭. માંદગીના આરામ બાદ ગુજરાતમાં પધારે ત્યારે ભરચક કાર્યક્રમ શરૂ. ૭૯ વર્ષની ઉંમર સુધી આ બધું વેઠ્યું. ૧૫૮
૮. શિયાળામાં સખત શરદી. તાવ, અશક્તિ છતાં અસમર્થ થાય ત્યારે જ આરામ. છતાં કથાવાર્તામાં સંપૂર્ણ સ્વસ્થતા બતાવે. ૧૫૮
૯. અપરંપાર ભીડો છતાં મહારાજના પરમહંસોના ભીડાની વાત. દેહને કારસો પડે પણ મહિમા જાણવો. ૧૫૮
૧૦. સ્વામીશ્રીની દયાળુ પ્રકૃત્તિ. તેથી ભક્તોનો ગમે તે નાના પ્રસંગોમાં પણ સ્વામીશ્રીને તેડાવવાનો આગ્રહ. ૧૫૯
૧૧. નિરર્થક ખાનગી મુલાકાતોમાં સ્વામીશ્રીનો સમય વ્યય. વૃદ્ધાવસ્થા તકલીફનો વિચાર નહીં. ૧૫૯
૧૨. સ્વામીશ્રીના ભીડાને કારણે સંપ્રદાયને અમર્યાદ પ્રાપ્તિ. સંતપણાની અગાધ અસર સમાજ પર. ૧૫૯

૩. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજની કરાવેલ ઓળખ

૧. જોગીથી તો જરાય જુદા ન પડીએ એવું થાય છે. ૧૨૬-૧૨૭
૨. અહો જોગી તે જોગી ! ૧૨૭
૩. જોગી મહારાજને જેવો વ્યવહાર ચલાવતાં આવડે છે તેવો કોઈને આવડશે નહિ. ૧૨૮
૪. આ જોગી મહારાજ અમારી જેમ સૌની ખબર રાખશે. ૧૨૮-૧૨૯
૫. સત્સંગના અનાદિ મોટેરા તો આ યોગીજી મહારાજ છે. - પ્રમુખસ્વામી મહારાજને. ૧૨૯
૬. ગઢડાનું મંદિર આ જોગી કરશે. ૧૩૦
૭. જોગી મહારાજ સર્વદેશી પુરુષ છે. ૧૩૦
૮. જોગી મહારાજમાં અને મારામાં રોમ માત્રનો ફેર નથી... હું તે જોગી ને જોગી તે હું. ૧૩૧
૯. વ્યાસજીએ સંતમાં ભગવાનને અખંડ ..... જોગીમાં દેખું છું. ૧૩૧
૧૦. આ જોગી જેવા સાધુ ..... બહુ દયાવાળા છે. ૧૩૧
૧૧. જોગી આરતી ઉતારે તે મારા ઉતાર્ય બરાબર છે. ૧૩૨
૧૨. યોગીજી મહારાજને મળ્યા પછી 'હવે શાંતિ થશે.' - મારામાં ને યોગીમાં અણુમાત્રનો ફેર નથી. ૧૩૩
૧૩. અહો ! જોગી મહારાજ તો સાક્ષાત્ ગુણાતીત સ્વરૂપ છે. બહુ મોટા છે. ૧૩૪

૪. વાત્સ્યલમૂર્તિ

૧. ભૂજ પ્રદેશમાં ગરીબ ખેડૂતની વિનંતી 'બાપજી મારી ઝૂંપડી પાવન કરો.' ભર બપોરે પધરામણીએ. ૧૩૭
૨. ઘાટકોપરના કિશોર સુરેશની વિનંતીથી તરત જ પધરામણીએ જવા તૈયાર. વીસ મિનિટ સુધી ટેક્ષીની રાહ જોતાં ઊભા રહ્યાં. ૧૩૮
૩. 'અમે તમને દર વર્ષે પ્રસાદ મોકલીએ છીએ. તે મળે છે ને ?' જેતપુરમાં ખોડપરાના રાજાભાઈ રાઠોડને. ૧૩૯
૪. 'જેઠાભાઈ, આજે અમે તમારો સંકલ્પ પૂરો કર્યો. હવે શ્રીજીમહારાજ બે વર્ષે તમને ધામમાં તેડી જશે.' જેઠાભાઈ પરબવાળાને. ૧૪૧
૫. 'તમે જમી લ્યો. હું હમણાં આવું છું.' - સારીંગ ગામના હરિભક્તને ઘેર પધરામણીએ જતાં પહેલાં મોટા સ્વામીને. ૧૪૧
૬. 'મોટા સ્વામી, આપણે એને રાજી કરો. એનો પ્રેમભાવ તો જુઓ.' બોટાદ સ્ટેશને સાંધાવાળાને રાજી કરવા. ૧૪૧
૭. 'આપણે સ્ટેશન માસ્ટરનો ભાવ પૂરો કરો. અહીં ઠાકોરજીને જમાડી લઈએ. સારંગપુર સંદેશો મોકલી આપીએ.' - મોટા સ્વામીને. ૧૪૧
૮. શાસ્ત્રીજી મહારાજની ૧૦૨મી જન્મ જયંતી પ્રસંગે લકવાગ્રસ્ત વૃદ્ધને પાસે બોલાવી આશીર્વાદ આપ્યા. ૧૪૨
૯. ઘોઘાવદરના હરિભાઈના પ્રેમને વશ ગાય-ભેંશને બાંધવાની જગ્યામાં ઉતારો કરી ભાવ પૂરો કર્યો. ૧૪૩

૧૦. રાજકોટના હરિભક્તોને ગુરુપૂજનનો લાભ આપવા માટે વર્ષોવર્ષ ગુજરાતથી રાજકોટ જતાં ને તરત પાછા ગુજરાત આવતા. ૧૪૩
૧૧. ગામડાંના પ્રેમી ભક્તોને યાદ કરી મુંબઈથી પત્રો લખ્યાં. ૧૪૪
૧૨. સાધુ મૂંઝાય તો તેની મૂંઝવણ ટાળવાના છેક સુધી ઉપાયો કરતા. ૧૪૪
૧૩. બોટાદની ટિકિટ કેન્સલ કરાવી જસદણ ઈશ્વરભાઈને આશ્વાસન આપવા પહોંચી ગયા. ૧૪૫
૧૪. નરનારાયણ મંદિરના હજૂરી સેવક આત્મારામભાઈને નવા પંખાની તથા ફળોની વ્યવસ્થા કરીઆપી. ૧૪૫
૧૫. અમદાવાદના ખોડા ભગતની ખબર જોવા વી.એસ. માં ગયા. ૧૪૬
૧૬. 'બે શું અમે પાંચ દાદરા પણ ચડી જાશું.' ડૉ. રમણભાઈને. ૧૪૬
૧૭. 'તમે અક્ષર સ્વામીની સેવા કરો એમાં અમે બહુ રાજી છીએ.' બાલમુકુંદ સ્વામી 'તમે તો ગુણાતીતમૂર્તિ છો.' અક્ષર સ્વામી. ૧૪૬
૧૮. 'આજનો આવેલો હોય ને વીસ વરસ માંદો રહે તો પણ નભાવવો.' ૧૪૭
૧૯. વિચરણમાં વિનુભાઈની પિચોટી ઠેકાણે આણી. ઘી, ગોળ અને સૂંઠનો પિંડો બનાવી ખવડાવ્યો. ૧૪૭
૨૦. માંદા પડેલા યુવક વિનુભાઈના પગ દબાવવા બેઠા. ૧૪૭-૧૪૮
૨૧. 'તમે સૂઈ જાવ. માથું દાબવા દ્યો. સવારે તાવ ઉતરી જશે. ચિંતા કરશો નહીં.' અમદાવાદના યુવક જગદીશભાઈ ત્રિપાઠીને. ૧૪૮
૨૨. 'તમે ભાવપૂર્વક સેવા કરી છે તેથી અમે તમારા ઉપર બહુ રાજી છીએ.' ગોવિંદભાઈના બરછટ હાથથી સ્વામીશ્રીને લોહીના ટશિયા ફૂટ્યા ત્યારે માફી માંગતા ગોવિંદભાઈને કહે છે. ૧૪૯
૨૩. 'મારા ચંપલ પહેરો. ભગવાનના ભક્તને ઊઘાડા પગે ન જવા દેવાય.' સારંગપુરમાં હકાભાઈને. ૧૪૯
૨૪. કંપાલાના યુવક મહેન્દ્રભાઈને ગોદડું પાથરી આપી સૂવાડી ઓઢાડીને ગયા - પુરુષોત્તમપુરામાં. ૧૪૯
૨૫. 'તમે ખાવાનું શરૂ કરી દ્યો. અને તમારે ફરીથી જે જોઈતું હોય તે હું લાવી આપીશ.' 'ડાહ્યો ગાંડાને.' ૧૫૦
૨૬. 'તે પ્રસાદ માંગે છે. તો તેને પ્રસાદ આપી આવો.' પેટલાદ સ્ટેશને ગાંડા માણસ માટે. ૧૫૦
૨૭. 'પહેલાં ચૂની ભગત પાસેથી પોટલાં લઈ લો.' અડવાળના રસ્તે ચાલતાં ચાલતાં હરિભક્તને. ૧૫૧
૨૮. 'લે ! ઈ તો હું સમજ્યો જ નહોતો. તમારે અહીં જ જમવાનું હોય.' મોરબીના જગજીવનભાઈને. ૧૫૧
૨૯. મુંબઈ પધારે ત્યારે દરેકની વ્યક્તિગત સંભાળ. ૧૫૨

પ્ર.૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો. (કુલ ગુણ : ૬)

૧. ઘીની તપેલી ભૂલી જવાથી યોગીજી મહારાજને પડેલો માર, દરબારને પસ્તાવો. (૮/૪૬-૪૭)

જ. ધંધૂકા નજીકના ગામડામાં વિચરણ - દરબાર નાસ્તિક - પત્નીની વિનવણીથી સીધું મોકલ્યું - દરબાર ઘી લઈ જવાનું ભૂલી ગયા. - ઘી વિનાની રોટલી - બાવાઓ ઘી ખાઈ ગયા હશે - દરબારની ચડભડ - ક્રોધથી ઉશ્કેરાયેલ વિજ્ઞાનદાસ - યોગીજી મહારાજને ખૂબ અસહ્ય માર - દરબાર ઘેર ગયા - ઘીની તપેલી ઘેર જોઈ - યોગીજી મહારાજના દેહ પર પડેલ મારનાં નિશાન - દરબારનો ખૂબ પસ્તાવો.

૨. કેરિયામાં સંતોને મારઝૂડ - યોગીજી મહારાજની અજાતશત્રુતા (૯/૬૪-૬૫)

જ. કેરિયામાં મંદિરમાં ખૂબ માર - નિષ્ઠાવાળા ઓધવજીભાઈ વકીલ દ્વારા પ્રતિકાર - યોગીજી મહારાજને ફરી ભીંત સાથે અફાળ્યા - છતાં સ્થિર ચિત્તે મહારાજ-સ્વામીનું ભજન - કુબેરભાઈને આ વાતની જાણ - પોલીસ ફરિયાદ કરવા તત્પર - કોર્ટમાં કેસ કરવાની વાત - સ્વામિનારાયણના સાધુ પર ફોજદારી કરાય જ નહિ - અજાતશત્રુતાની પરાકાષ્ઠા.

૩. ૧૪ વર્ષના નાના ઘનશ્યામ ભગતને દંડવત્ કર્યા. (૧૩/૧૦૯-૧૧૦)

જ. ગુણાનુરાગી યોગીજી મહારાજ - ભગતજી મહારાજનું જીવનચરિત્ર ૧૪ વર્ષના ઘનશ્યામ ભગતે એક દિવસ અને એક રાત જાગીને પારાયણ કર્યું. તે જાણીને તેમને દંડવત્ કર્યાં. - અપ્રતિમ મહિમા - હિમાલયના શિખરેથી ખીણ સુધી હાથ નમાવવામાં નાનમ નહિ - નિર્માનીતાની પરાકાષ્ઠા.

૪. બટાટા રાખથી ઉટકાવ્યા (૧૨/૧૦૩) યુવકો ગાળ્યા વિના પાણીથી બટાકા ધોતા હતા - યોગીજી મહારાજની

દૃષ્ટિ પડી - ગાળેલા પાણીથી જ શાક ધોવાય - રાખથી બટાટા ઉટકી નાખવાની આજ્ઞા - હું ધોવા આવીશ - મારા માટે રાખજો - નિયમ લોપની શિક્ષાનો સહર્ષ સ્વીકાર - બે મણ બટાટા ઉટક્યા - નિયમધર્મના દૃઢ આગ્રહી.

પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ) (કુલ ગુણ : ૧૫) (પાંત્રીસથી ચાલીસ લીટીમાં)

નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.

૧. **વનવાસીઓના વનમાળી - પ્રમુખસ્વામી મહારાજ :** (૧) વનવાસી એટલે વનમાં વાસ કરનાર અને વનમાળી એટલે જેમ માળી ફૂલોનું, છોડનું જતન કરે છે તેમ પ્રમુખસ્વામી રૂપી વનમાળી આ વનના વાસી રૂપી ફૂલ-છોડ વૃક્ષોનું જતન કરે છે. (૨) છેલ્લા ચાર દાયકાથી સ્વામીશ્રી આદિવાસીઓના ઉત્કર્ષ માટે તેમના વિસ્તારોમાં કઠણ વિચરણ કરી રહ્યા છે. સ્વામીશ્રી આદિવાસીઓના ઝૂંપડે ઝૂંપડે, વ્યક્તિએ વ્યક્તિએ ફરીને આ કઠણ કાર્ય કર્યું છે તે પ્રસંગો. (૩) પશુ જેવું જીવન જીવતા, દારૂના નશામાં ચકચૂર, પ્રાણીઓની હિંસા, માંસાહાર, જુગાર વગેરેમાં ગળાડૂબ આદિવાસી પ્રજા - વનવાસી પ્રજા - સ્વામીશ્રીના કોમળ હૈયામાં વનવાસી પ્રજાને ઉગારવાના શુભ હેતુ (પ્રસંગો) (૪) સ્વામીશ્રીના, સંતોના અને કાર્યકરોના અથાગ પરિશ્રમ, સમજાવટ, હેત કરીને સમજાવવાની પધ્ધતિ તે બધા પરિબળોને કારણે વનવાસી પ્રજા પર ભગવાન અને સંતની કૃપા - વનવાસીઓએ વ્યસનો મૂક્યાં, માંસાહાર, જુગાર વગેરે પ્રવૃત્તિઓ છોડી દીધી. (પ્રસંગો) (૫) વહેમ અને અંધશ્રધ્ધામાં અટવાતી પ્રજાને સ્વામીશ્રીએ સત્સંગમાં માર્ગે ચઢાવી તેમનાં જીવનમાં અજવાળાં પાથરી દીધાં. (પ્રસંગો) બાળમંડળો, સત્સંગપ્રવૃત્તિ, મહિલા મંડળો, વગેરે ધમધોકાર ચાલતાં થયાં અને હરિમંદિરો, સંસ્કારધામો, કુટિર મંદિરો નિર્માણ પામ્યા - ગામાનો ગામો સત્સંગી થયા. બાળમંડળમાં જતો બાળક પોતે બીજે સગાંવહાંલાને ઘરે જાય તો પણ માંસયુક્ત આહાર ન લે - માળા, પૂજા, તિલક-ચાંદલો વગેરે સહિત પૂજા કરે. આદિવાસી વિસ્તારોમાં બાળકો માટે સ્કૂલો તૈયાર થઈ છે. સી.બી.દેસાઈ કક્ષાની સ્કૂલો - બાળકો વિજ્ઞાન ક્ષેત્રે તથા અન્ય ક્ષેત્રે ખૂબ વિકાસને પામ્યા છે. (૬) વ્યસનો, દૂષણોનો ત્યાગ તેમજ શિક્ષણને કારણ આર્થિક રીતે સુખી અને પગભર - પાકાં મકાનો, વાહનો, સારી ખેતીથી સમૃદ્ધ પ્રજા બની છે. (પ્રસંગો) - જેમ શિલ્પી ટાંકણું લઈને મૂર્તિ ઘડે છે તેમ સ્વામીશ્રીએ અનેક લોકોના જીવન ઘડ્યા છે. આમ, સ્વામીશ્રી સાચા અર્થમાં વનવાસીઓના, વનમાં વસતી પ્રજાના માળી બન્યા છે અને તેમનો સતત વિકાસ થતો રહે તે માટે તાજેતરમાં જ બે નવા મંદિરો ખડા કરી દીધા છે. આજે કેટલાક નાના મોટા મંદિરોનું નિર્માણ કામ ચાલું છે. - ઉપસંહાર.

૨. **પારિવારિક સમાધાન - સમજશક્તિ અને સહનશક્તિ :** (૧) પરિવારની વ્યાખ્યા - બાળકથી માંડીને વડીલ સુધીના સભ્યો ઘરમાં વસતા હોય તે પરિવાર - આ પરિવારમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિ - સ્વભાવવાળા સભ્યો. (૨) પરિવારની દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ અલગ, દરેકના રસ, રૂચિ, પસંદગી પણ અલગ તેથી અમુક સમયે સંઘર્ષ થવાની - પ્રશ્નો ઊભા થવાની શક્યતા. (૩) પરિવાર સંયુક્ત રીતે રહે તેમાં અનેક પ્રકારના લાભ (પ્રસંગો) સાથે સાથે સમસ્યાઓ પણ ખડી થઈ જાય. આ માટે બે પરિબળો ઘરના દરેક સભ્યોએ કેળવવાની આવશ્યકતા. (૪) પારિવારિક પ્રશ્નોના સમાધાન માટે સૌથી પહેલું પરિબળ સમજશક્તિ, કેળવણી આવશ્યક - ઘણી વખત સમજણથી જ મોટાભાગના પ્રશ્નો હલ થઈ જતા હોય છે. સમજણમાં જ સુખ રહેલુ છે. પ્રસંગો, કીર્તનો, સાખી લખી શકાય. શ્રીજીમહારાજથી લઈને ગુરુપરંપરાએ આપણને સમજશક્તિ આપી જ છે. તેનો સદુપયોગ કરીને પારિવારિક સમાધાન શક્ય. (પ્રસંગો) (૫) સમજશક્તિ જેટલું જ બીજું મહત્વનું પરિબળ સહનશક્તિ છે. સહનશક્તિ એ

જબરો ગુણ છે. જેણે સહનશક્તિનો ગુણ કેળવ્યો છે તે તરી ગયા. શ્રીજીમહારાજ અને સંતો એ સમર્થ હોવા છતાં સહનશક્તિ કેળવી - ગુરુપરંપરામાં પણ સહનશક્તિનો ગુણ ઉડીને આંખે વળગે તેવો છે. (પ્રસંગો) **(૬)** જો ભગવાન અને સંત આપણા માટે અપમાન સહન કરતા હોય તો આપણે તો આપણા કુટુંબ માટે સહન કરવાનું છે. અંદર-અંદર સમજીને સહન કરીને રહેવાનું છે અને તેનો લાભ તો આપણને જ આપણા કુટુંબને જ છે તો શ્રીજીમહારાજ તેમજ સંતોના આ ગુણને આપણે પણ જીવનમાં ઉતારી સહનશક્તિ કેળવીને પરિવારને આદર્શ અને સંઘર્ષરહિત બનાવીએ. - ઉપસંહાર.

૩. **સ્વામિનારાયણીય દર્શન - સર્વોપરી તત્ત્વજ્ઞાન : (૧)** ભગવાન સ્વામિનારાયણે સ્થાપેલ અને પ્રર્વતાવેલ દર્શન એટલે સ્વામિનારાયણ દર્શન. **(૨)** આ ઉપરાંત ભગવાન સ્વામિનારાયણનો દાર્શનિક સિદ્ધાંત સ્વામિનારાયણ મહામંત્ર એટલે કે ભક્તે સહિત ભગવાનની ભક્તિ કરવી. સ્વામિનારાયણ દર્શન (મહામંત્ર)નું તાત્પર્ય સમજાવતાં ગુણાતીત ગુરુઓનાં વચનો. **(૩)** સ્વામિનારાયણ દર્શનમાં પાંચ નિત્ય તત્ત્વો જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચે તત્ત્વોનો પરસ્પર સંબંધ. પહેલાં ત્રણ અનાદિ તત્ત્વોથી પર બ્રહ્મ અને બ્રહ્મથી પર પરબ્રહ્મ. પહેલાં ત્રણ તત્ત્વો માયાથી અવિરત - બ્રહ્મ અને પરબ્રહ્મ માયાથી પર - જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું શરીર અને પરબ્રહ્મ તેના શરીરી છે. આ સ્વામિનારાયણીય દર્શન છે. **(૪)** પરબ્રહ્મ એક અને અદ્વિતીય છે - પરબ્રહ્મનું સ્વરૂપ યથાર્થ રીતે ઓળખવું તે સાધક માટે અતિ આવશ્યક - શ્રીજીમહારાજ અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, મોક્ષપ્રદાતા પરંતુ સૌથી વિશેષ ઉપાસનાના ચાર અંગો અંગે પાકી નિષ્ઠા કરવી તે આત્યંતિક કલ્યાણ ઇચ્છતા સાધક માટે અત્યંત આવશ્યક. શ્રીજીમહારાજ સર્વ કર્તા-હર્તા - તેમની ઇચ્છા વગર સૂકું પાંદડું પણ હલવાને સમર્થ નથી - સદા સાકાર, પૃથ્વી પર તેમજ ધામમાં બંને ઠેકાણે સદા સાકાર, સર્વ અવતારોના અવતારી - અવતારોને પોતાનામાં લીન કરવાની સાર્મથી - (વચનામૃત, સ્વામીની વાતુ, અન્ય શાસ્ત્રોનાં પ્રમાણો, કીર્તનો લખવાં.) **(૫)** જગતના મોટાભાગના ધર્મો ભગવાનને નિરાકાર માને છે તેથી સ્વામિનારાયણ દર્શનમાં ભગવાન સદા સાકાર જ છે તેવું તત્ત્વજ્ઞાન અન્ય ધર્મોથી ભિન્ન - સર્વોપરી એટલે જેવા ભગવાનના સ્વરૂપને સમજીએ તે ધામને પમાય - સર્વ કર્તા-હર્તા સમજવાથી સંસાર-વહેવારમાં આવતાં વિઘ્નોમાં સ્થિરતા રહે - ભક્તિમાર્ગમાં આવતાં અવરોધોમાં પણ શાંતિ જ રહે - પરમ એકાંતિક સંત દ્વારા ભગવાન સદા પ્રગટ જ રહે છે તેવું સ્વામિનારાયણીય દર્શનનું સર્વોપરી તત્ત્વજ્ઞાન. **(૬)** પરબ્રહ્મથી નિયામક એવું અક્ષરબ્રહ્મ (ચોથું તત્ત્વ) તેમની સામર્થી પણ પુરુષોત્તમનારાયણ જેટલી જ (વચ.ગ.મ.૨૨) અક્ષરબ્રહ્મ પણ પરબ્રહ્મની જેમ જ એક અને અદ્વિતીય - અન્ય સંપ્રદાયોમાં - ધર્મોમાં બહુધા પરબ્રહ્મ અને બ્રહ્મ એક જ માનવામાં આવે છે - પરંતુ સ્વામિનારાયણ સંપ્રદાય સ્વામિનારાયણ દર્શનમાં બ્રહ્મ અને પરબ્રહ્મ બે સ્વરૂપ જુદા જ છે. અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામવાથી તેમની સાથે એકતા કરવાથી, અક્ષરરૂપ થવાથી પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવાય છે. તેમની સેવામાં રહેવાય છે અને પરબ્રહ્મને પામવાનું અક્ષરબ્રહ્મ માધ્યમ છે. સાધક અને પરબ્રહ્મ વચ્ચે અક્ષરબ્રહ્મ સેતુ છે. શાસ્ત્રોનાં, વચનામૃત, સ્વામીની વાતો વગેરેનાં પ્રમાણો લખી શકાય. આમ, સ્વામિનારાયણ દર્શન તે સર્વોપરી તત્ત્વજ્ઞાન છે. - ઉપસંહાર.

❑ ❑ ❑